ડો. ધર્મેશ સી. પંડ્યા
અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ
કોલેજ, વ્યારા.

# બારડોલી સત્યાગ્રહમાં સુરત જીલ્લાની સ્ત્રીઓનું પ્રદાનઃ એક ઐતિહાસિક અધ્યયન.

❖ પ્રાસ્તાવિક :-

કોઈપણ સંસ્કૃતિ કેટલી ઊંચી કક્ષાએ છે તેનું માપ તે વખતના સમાજમાં સ્ત્રીઓને કેવું અને કેટલું સ્થાન મળે છે તે છે. ગાંધીયુગે ગુજરાતમાં બહેનોને ઘરમાંથી બહાર આવવાની ને જાહેર કામની જવાબદારી ઉઠાવવાની પ્રેરણા આપી. પહેલાં તેઓ સામાજિક ક્ષેત્રે અને પછી રાજકીય ક્ષેત્રે સક્રિય બની.

ગાંધીજીના નેતૃત્વ હેઠળની ચળવળોમાં સ્ત્રીઓએ નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી પણ એની વિશેષ નોંધ ઈતિહાસકારોએ લીધેલ નથી. જે કોઈ ઈતિહાસ લખાયેલ છે તેમાં માત્ર રાષ્ટ્રીયકક્ષાની મહત્વપૂર્ણ સ્ત્રીઓના કાર્યોની નોંધ લેવાયેલ છે. સમાજનો પચાસ ટકા હિસ્સો સ્ત્રીઓનો છે અને તેમાંથી મોટાભાગની સ્ત્રીઓ લડતના રંગે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રંગાયેલી તેવી પાયાના સ્ત્રી કાર્યકરોના ભગીરથ કાર્યની ઊપેક્ષા ઈતિહાસમાં સ્વાભાવિક રીતે જોવા મળે છે.આ ખામી દૂર કરવાના હેતુથી બારડોલી સત્યાગ્રહને એંસી વર્ષ પૂરા થાય છે ત્યારે સુરત જીલ્લાની સ્ત્રીઓના આઝાદીયજ્ઞમાં યોગદાનને બિરદાવવાનો મારો આ નમ્ર પ્રયાસ છે.

પૂ. કસ્તુરબાના નેતૃત્વ તળે મહિલાઓ દ્વારા સ્વાતંત્ર્ય સંગ્રામની પદ્ધતિસરની ચળવળના મંડાણ મંડાયા. તેમાં ગુજરાતની મહિલાઓએ મુક્તિસંગ્રામના મોરચે ત્રણ વિભાગો સંભાળ્યા હતા. સત્યાગ્રહ કરીને જેલમાં જવાનો, મારપીટ સહન કરીને પણ સ્વદેશી ચળવળમાં પિકેટીંગ કરવાનો અને ત્રીજો મોરચો હતો ખાદી અને ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ વેગવંતી બનાવવાનો.

ઉપરના ત્રણેય મોરચે ગુજરાતની મહિલાઓએ મોખરાનું સ્થાન સંભાળ્યુ હતું. સ્ત્રી શક્તિની ચેતનાએ ગુજરાતના દક્ષિણ વિભાગથી છેક મધ્યસૌરાષ્ટ્ર સુધીની સીમાને ચેતનવંતી કરી દીધી.

❖ બારડોલી સત્યાગ્રહમાં સ્ત્રીઓનું પ્રદાન :

૧૯૨૮માં બારડોલીના ખેડૂતો પર સરકારે અસહય મહેસૂલ વધારો દાખલ કરતા તાલુકાની પ્રજાએ અદમ્ય સાહસ અને એકતાથી લડત આપી અને આખરે સરકારને ઝુકવુ પડયું આ આંદોલનમાં પણ સ્ત્રીઓની ભૂમિકા પ્રસંશનીય રહી હતી. સરદાર પટેલે ભાઈઓને લડતમાં બહેનાને સાથે લેવા અપીલ કરી. તેમણે કહ્યું કે આપણી બહેનો, માતાઓ આપણી સાથે નહી હોય તો આપણે આગળ વધી શકવાના નથી

તા. ૧૨-૨-૧૯૨૮ના રોજ બારડોલીમાં ખેડૂતોની સભા મળી જેમાં મહેસૂલ વધારો રદ કરાવવા તેમજ નિષ્પક્ષ ફેરતપાસ ન થાય ત્યાં સુધી મહેસૂલ ન ભરવાની પ્રતિજ્ઞા તથા શ્રી વલ્લભભાઈ પટેલને પોતાના આગેવાન તરીકે ચુંટી તેમના વડપણ હેઠળ લડત લડવાનો ઠરાવ હજારો ખેડૂત સ્ત્રી-પુરુષો કર્યો. ઠેર-ઠેર સભાઓ ભરાવા માંડી ૨-૩-૧૯૨૮ના રોજ સ્યાદલામાં સભા ભરાઈ જેમાં ૩૦૦ સ્ત્રી પુરુષો હાજર રહયા હતા. દેશના ખુણેખુણેથી નેતાઓ બારડોલી ઉમટી પડયા શરૂઆતમાં શ્રીરવિશંકરભાઇ વ્યાસે આ તાલુકામાં જોઈએ એવી જાગૃતિ બહેનોમાં હજુ નથી આવી અન્ય બહેનો પણ લડતમાંથી પ્રેરણા લઈ જાગૃત થાય તેમ અપીલ કરી.

બારડોલી તાલુકાના ગામડાઓમાં જેવાકે ભીમપોર, ડુમખલ, રાનવેરી વગેરે ગામોમાં વેડછીવાળા રાનીપરજ સ્વયંસેવકો તેમજ ફુલચંદભાઈનું ભજનમંડળ જનજાગૃતિનું કામ કરો રહયા હતા જેમાં રાનીપરજની બહેનો પણ જોડાઈ હતી.

જનજાગૃતિ કરતા એક દિવસ અબ્બાસ સાહેબ અને મીઠુબેનને કીકવાડના રસ્તામાં એક પારસીબેન મળ્યા આ બહેને પોતાની નિર્ભયતા વ્યકત કરી લડાયક મિજાજનો પરિચય આપ્યો ૧૪ મો માર્ચ તેઓ સાંજે મોટી ફરોદ ગયા ત્યાં સભામાં સ્ત્રીપુરુષો એકઠા થયા અબ્બાસ સાહેબ, પંડયાજીએ લોકોને દાગીના ઠેકાણે કરવા સૂચના આપી ત્યારે બહેનોએ કહ્યું હજુ નોટીસો નથી મળી ચાર દિવસ પણ તમે આવશો તો કોઈના હાથ પગે દાગીના જોવા મળશે નહીં. રૂવાની બહેનોએ પણ લડતમાં પોતાના મકકમ સહકારની ખાતરી આપી.

લડતને વેગ આપવા સુરતના કૌશલ્યાબેન પણ વાલોડ છાવણીમાં આવી ગયા બારડોલી આશ્રમવાળા સંતોકબેન પણ આવી ગયા અને સ્ત્રીઓને સાદા રહેવાનું સમજાવવા લાગ્યા.

કડોદ વિભાગના ગામ બામણીના વલ્લભભાઈએ સભા ભરી ત્યાંની બહેનોએ ‘ નહીં ભરશું નહી ભરશું ’ ગીત ગાઈ લડતમાં સહકારની ખાત્રી આપી.

મલેકપોરમાં શ્રી રવિશંકર વ્યાસે ૧૮ માર્ચે સભામાં ભાષણ કર્યું ત્યાર બાદ એક બહેને ઉભા થઈ લડતમાં મદદ ખાતરી આપી બીજા એક વૃધ્ધ બાઈએ પોતાના ત્રણે દિકરાઓને જેલમાં મોકલવાની ખાતરી આપી. એવી જ રીતે બાજીપુરાની સભામાં ૮૦૦ ભાઈ-બહેનો હાજર રહ્યા વાલોડ છાવણીની ભાઈ-બહેનોનું નગર સરઘસ નીકળ્યું જેમાં ૩૦૦ જેટલી બહેનો હાજર રહી હતી.

ભદ્રવર્ગની મહિલાઓની જેમ સુરતના ઢાળિયાઓવારામાં રહેતી રાનીપરજ બાળાઓ રાનીપરજ ગામોમાં સુંદર ગીતો ગાઈ મદદ કરવા લાગી હતી.

કડોદની લેઉઆ પાટીદારોના ચૌદ ગામોના પંચની સભા ખોજપારડી ગામે ૨૫-૩-૧૯૨૮ના રોજ ભરાઈ જેમાં વલ્લભભાઈએ હાજર રહેલ બહેનોને પરદેશી ત્યજી ખાદી પહેરવા અપીલ કરી. ૨૫ માર્ચ તરભોણમાં રાત્રે સરભોણમાં અને ૨૬ મીએ બાલદામાં સભાઓ ભરી જેમાં રાનીપરજના દોઢ હજાર ભાઈ-બહેનોએ હાજર રહી લડતને પોતાનો ટેકો જાહેર કર્યો. ૩૧ માર્ચ ગોલણ, ગોડધામાં વલ્લભભાઈએ સભા ભરી જેમાં બંને ગામોની ૪૦૦ જેટલી રાનીપરજ બહેનો હાજર રહી હતી નાનીફરોદ, વરાડમાં વલ્લભભાઈની સભામાં મંગળગીતો ગાતી સ્ત્રીઓ મોટી સંખ્યામાં હાજર રહી. વલ્લભભાઈએ સૌને પરદેશી છોડવા, ખાદી રેંટિયા ચાલુ કરવા જણાવ્યું. બહેનોએ પણ લડત ફાળો અર્પણ કરી જેલમાં જવાની ખાતરી વલ્લભભાઈને આપી. માણકપોરની બહેનોએ પણ લડતને પોતાનો ટેકો આપ્યો.

સુરતમાં ડકકાઓવારે ડો. દિક્ષીતના પ્રમુખપદે ૧૩ એપ્રીલના રોજ સભા ભરાઈ તેમાં તેમણે જણાવ્યું કે,

" હું બારડોલી તાલુકામાં જાતે જઈ આવ્યો છું ૧૯૨૧ કરતા પણ આજની તૈયારી વિશેષ છે. ત્યાંના પુરુષો તથા સ્ત્રીઓનો ઉત્સાહ જોઈને તેમની જરૂર ફતેહ થવાની જ છે. એ વિશે મારી ખાત્રી થઈ ગઈ છે. " વાલોડ પેટા વિભાગના ગોલણમાં રાનીપરજ બાળાઓની ભજન મંડળની પ્રવૃત્તિની પણ એમણે પ્રસંશા કરી હતી.

વલ્લભભાઈએ તાલુકાના ગામેગામ ફરી લોકસંપર્ક કર્યો ૨૧ મી એપ્રિલે મોતા પાસેના રામપુરા સભા ભરી. ૨૨ મી એ બપોરે વેડછીમાં રાનીપરજની સભા ભરી. ત્યાંથી તેઓ વરાડ ગયા ત્યાંના બહેન જમુનાબેને ગીત ગાયું.

" ચાલો ચાલો યુધ્ધના રૂડા સાથમાં રે

વેદ ચારે મહાત્માના હાથમાં રે.. ચાલો ..

ગામેગામ લોકજાગૃતિ વધતી ગઈ બીજી તરફ સરકારે ખાલસા નોટીસો ફટકારવા માંડી. દંડ જપ્તી શરૂ થઈ છતાં પુરુષોની સાથે સ્ત્રીઓએ પણ મક્કમતાપૂર્વક તેનો સામનો કર્યો લડતને વેગ આપવા લડતફાળો એકત્ર કરવામાં આવ્યો જેમાં પણ સ્ત્રીઓ પાછળ ન રહી.

પ્રજાને ઉશ્કેરવા બદલ તા. ૧૧-૫-૧૯૨૮ના રોજ વાલોડના શ્રી સન્મુખલાલ ગોરધનદાસ સહિત અન્ય બેને બારડોલીનો કોર્ટમાં હાજર થવા નોટીસ આપવામાં આવી નેતાઓએ ગ્રામજનોની સભા ભરી તેમાં સન્મુખલાલના માતા પણ હાજર રહેલા. શ્રી સન્મુખલાલને જેલની સજા થઈ આ લડતમાં સન્મુખલાલ જેલમાં જનાર પ્રથમ હતા.

તા. ૧૭મીના રોજ મઢીમાં જપ્તીના નામે એક પઠાણે મણીબેન નામની સ્ત્રીને ઢસેડી હતી તેનો વિરોધ કરવા આઠ ગામના લગભગ ૫૦૦ બહેનોની સભા બીજે દિવસે ભરાઈ સભામાં મણીબેનની નીડરતા અને ધૈર્ય બદલ અભિનંદન આપવામાં આવ્યા.

પારસીબેન સૌ. ગુલબાનુબેનના ટેકાથી ઠરાવ કરવામાં આવ્યો. ગામની બહેનોએ કૌશલ્યાબેન વિગેરેને જેલ જવાની પણ ખાતરી આપી.

કરાડીમાં પણ સરકારે જપ્તી શરૂ કરી ત્યાંના બેન કપુરુબાઈએ ખુશીથી જપ્તી કરવા દીધી પણ મહેસૂલ ન ભર્યું. બીજી તરફ લડતને વેગ આપવા માટે સત્યાગ્રહ સેના ઉભી કરવામાં આવી જેમાં વડોદરાના સૌ. શારદાબેન મહેતા, સુરતના ગુણવંતબેન ઘીઆ જોડાયા હતા. ગુણવંતીબેને બારડોલીની બહેનોમાંથી પ્રેરણા મેળવવા ‘પ્રતાપ’ માં ‘વિરાંગનાઓની યાદ’ લેખ વડે બહેનોને સક્રિય થવા અપીલ કરી હતી. લડતના ટેકામાં નવસારીની પારસી બહેનોએ પણ સક્રિય સહકાર આપેલો. જેમાંના ઘણા બારડોલિ જઈ આવ્યા હતા નવસારીથી પ્રથમ જનાર બેન શીરીનબેન કાપડીયાએ ‘મુંબઈ સમાચાર’ ના એક અંકમાં એમના બારડોલીના અનુભવો રજુ કરેલા હતા

પારસી બહેનોની જેમ બારડાલીના મુસ્લીમ સ્ત્રીઓએ પણ લડતમા પૂરો સાથ આપેલો તા.૨૪ ઓગષ્ટ ૧૯૨૮ના રોજ બારડોલીમાં પટેલ ઈબ્રાહીમભાઈના મેડા પર મુસલમાન બહેનોની સભા મળી હતી તેમની ઈચ્છા ભકતીબા, મીઠુબેન પાસે સત્યાગ્રહનું રહસ્ય સમજવાની હતી પરંતુ તેમ ન થઈ શકયું તેમની ઈચ્છા માત્ર આશ્રમવાસી બહેનો સમક્ષ સરદારને પોતાની મક્કમતાની ખાતરી આપવાની હતી.

ઈબ્રાહીમભાઈના વૃધ્ધમાતાને પૂછવામાં આવ્યું કે, તમારો દિકરો જેલમાં જશે તો ? ત્યારે તેમણે કહયું મારો દિકરો કયાં ખોટું કામ કરીને કેદમાં જવાનો છે કે દુ:ખ થાય. બીજી બહેનોએ પણ આવી મકકમતાથી ખાતરી આપી મુસ્લીમ બહેનોએ ૩૭-૮-૦ લડત ફાળો મણીબેનને અર્પણ કર્યો. આ ઉપરાંત બેન નુરબાઈ પ્યારઅલીએ ૩૦૦ રૂા તથા બેન ખતીજાએ ૫૧ રૂા. લડત ફાળામાં આપેલા હતા. લડતને વેગ આપવા તા. ૪ જુનના રોજ બારડોલીમાં પહેલો 'બારડાલી દિન' ઉજવાયો બહેનોએ નાની મોટી ભેટો અર્પણ કરી. રાનીપરજ બહેનો પણ તેમાં જોડાઈ સવારે સરઘસ નીકળ્યું જેમાં મોટી સંખ્યામાં બહેનો હાજર રહી. ભજન કિર્તન થયા લડતના ઈતિહાસમાં સૌથી વધુ બહેનો આ સભામાં આવી બારડોલોના બહેનો સહિતનો ૭૮૭-૪-૩ સત્યાગ્રહ ફાળો એકઠો થયો.

બામણીમાં પણ 'બારડોલી દિન' ઉજવાયો ભાઈ-બહેનોએ ચોવીસ કલાકનો ઉપવાસ પાળ્યો, તાપી સ્નાન કર્યુ, ઘર આંગણે બહેનોએ સાથીયા પૂર્યા, ગ્રામસફાઈ કરી, રાનીપરજ ભાઈ બહેનોએ નાચ કર્યા, શ્રીમતિ ગંગાબેન અને ચંચળબેને નસુરા, રાજપુરા, સિંગોદ, હરિપુરા વગેરે ગામોમાં ઘરદીઠ ફરી વિલાયતી કપડાં ઉઘરાવ્યાં કેટલીક બહેનોએ તો નવા કપડા પેટીમાંથી કાઢી આપ્યા હતા રાત્રે તેની હોળી કરવામાં આવી.

એજ રીતે સ્યાદલા મઢી, સુરાલી, વાંકાનેર, સરભોણ, વાલોડ, મોતા, વરાડ જેવા ગામોમાં 'બારડોલી દિન' નિમિતે ભાઈઓની સાથે બહેનોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નસુરા ગામના ૨૩ જેટલા ભાઈ બહેનોઅ રહા છોડી બારડોલી દિન ઉજવ્યો હાજર બહેનોમાંની પાંચે તો ચાર રૂપીયા રહા છોડયા નિમિત્તે ફાળામાં આપ્યા હતાં. ૧૮મી જુન ૧૯૨૮ના રોજ વલ્લભભાઈના પ્રમખપદે વરાડમાં સભા ભરાઈ બહેનોએ કંઈ નવા સત્યાગ્રહ ગીતો ગાયા જેવા કે,

તુ સાંભળ મારી વાત રે

અન્યાયી રાજા !

અન્તે તે તો ગયો નરકકુંડના

અન્યાયી રાજા

૫ મી જુલાઈના રોજ સુરતના ભાટીયાવાડીમાં શ્રી ભકિતલક્ષ્મી દેસાઈના પ્રમુખપણા નીચે સ્ત્રીઓની એક સભા ભરાયેલી. શ્રી સુલોચનાબેન જેઓએ ડાૅ. સુમંત મહેતા સાથે સરભોણ છાવણીમાં રહી અને ગામડાઓમાં જઈ લડતને જાણી છે તેમનું અને બીજી બહેનોના ભાષણ બાદ આ પ્રમાણે ઠરાવ સૌ. ગુણવંતબેન ઘીઆએ મુકયો હતો.

આ સભા બારડોલીની વીર બહેનો જે લડત ચલાવી રહી છે. તેમને ધન્યવાદ આપે છે. અને આ સત્યની લડત લડવામાં ઈશ્વર એમને ધૈર્ય, બળ અને સ્નેહ આપે એવી પ્રાર્થના કરે છે. ઠરાવ પસાર થયા બાદ શહેરના જુદા જુદા મહોલ્લાની બહેનોમાંથી બારડોલી સત્યાગ્રહ અર્થે ફાળો ઉઘરાવવા માટે કમિટી નીમી સભા વિસર્જીત થઈ હતી.

સભા, ભજનકિર્તન, પ્રભાતફેરીની જેમ તે સમયના પ્રસારમાધ્યમોમાં પણ લડતને વેગ આપવા લેખો પ્રકાશિત થતા જેમાંના એક એવા ‘ બારડોલી સત્યાગ્રહ અને સ્ત્રીઓ ’ માં કુમારી સુરબાળા કનૈયાલાલે સ્વદેશીને પ્રોત્સાહન આપવા, સામાજીક કુરિવાજોના બંધનો તોડવા, દેશની ઉન્નતિમાં ભાગ લેવા સ્ત્રીઓને અપીલ કરેલી એટલું જ નહી ચાર ચાર મહીના સુધી ઘરમાં ગોંધાઈ રહી પુત્ર, ભાઈ કે પતિને હસતે મોંએ જેલમાં મોકલનાર બારડોલીની વિરાંગનાઓમાંથી બોધપાઠ લેવા અને અન્ય સ્ત્રીઓને પણ બહાદુર બની કર્તવ્ય બજાવવા અપીલ કરેલી.

પ્રજાના જુસ્સા આગળ આખરે સરકારે નમતું જોખ્યું. મહેસુલના પુનઃનિર્ધારણની ખાતરી મળતાં લડતનો અંત આવ્યો. પ્રજાના ભવ્યવિજયનો ઉત્સવ ગામે ગામ ઉજવાયો. બારડોલી વિજયની સભા ૧૨મીએ બારડોલી ખાતે રાખવામાં આવી ત્યાં ગામના લોકોએ સરદાર પટેલને માનપાત્ર આપ્યું જેમાં બહેનોએ લખ્યું કે,

“ અમારા સ્ત્રી વર્ગમાં આપે જે અદભૂત ચેતન પ્રેર્યું છે. તે તો અમારી મોટામાં મોટી કાયમની પૂંજી અમે સમજીએ છીએ.” રાત્રે બહેનોએ ગરબા ગાયા. નગરમાં આનંદ ઉલ્લાસનું વાતાવરણ જામ્યું હતું.

આમ બારડોલી સત્યાગ્રહ દરમ્યાન બહેનોએ બતાવેલા અદમ્ય જુસ્સાને જોઈ દેશની અન્ય સ્ત્રીઓમાં પણ આત્મવિશ્વાસ જાગ્યો અને લડતમાં સામેલ થવા તૈયાર થઈ.

## ❖ સમાપન

મારા આ શોધપત્રની વિગતોને આધારે કેટલાક નવા સત્ય ઉજાગર થયા. તે અત્રે પ્રસ્તુત કરું છું.

ગાંધીયુગીન ચળવળોમાં સક્રિય બનેલી બહેનોમાં આત્મવિશ્વાસ વધ્યો અને તેને કારણે પુરુષોની જેમ સ્ત્રીઓ પણ સભા, સરઘસ, પિકેટીંગ, ધ્વજવંદન અને લડતનું સુકાન પણ સંભાળવા લાગી.

૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહ વખતે અનેક વૃધ્ધ, વિધવા, નિરાધાર સ્ત્રીઓ એટલું જ નહીં સગીરવયની બાળકીઓના નામે પણ સરકારે ખાલસા નોટિસો ફટકારી. મહેસૂલ વસૂલ કરવા પઠાણોની ફોજ ઉતારવામાં આવેલી. આવા પઠાણો બેફામ રીતે વર્તતા, જપ્તી લેતા, ગાળોભાંડતા અને માર મારતાં તેનો ભોગ મઢીમાં જપ્તી દરમ્યાન મણીબેન બનેલા. મણીબેનને ઢસડીને ઘરની બહાર કાઢી માર મારેલો. ઘરને તાળાં મારી અનેક સ્ત્રીઓને ઘર બહાર કાઢી મૂકવામાં આવેલી છતાં પણ સ્ત્રીઓ હિંમત હારી ન હતી.

૧૯૨૮ની બારડોલીની લડત વખતે પડોશના ગાયકવાડી રાજના નવસારીની પારસીબહેનોએ લડતને ટેકો આપ્યો. ત્યાંના શિરીનબેન કાપડીઆ બારડોલી દોડી આવ્યા અને લડતમાં સક્રિય બનેલા. સ્વદેશીનો રંગ પારસી સ્ત્રીઓને એવો લાગેલો કે જે કદી જાડી સાડી પણ પહેરે નહીં તેમણે ખાદીની સાડીઓ પહેરવા માંડેલી. મઢીમાં મણીબેન પર થયેલ અત્યાચારને વખોડવા પારસીબેને જ સ્ત્રીસભામાં ઠરાવ રજૂ કરેલો. મીઠુબેનની સમજાવટથી અનેક પારસી પીઠાંવાળાઓએ સ્વેચ્છાએ દારૂનો ધંધો છોડયો. જપ્તીનો માલ નહીં રાખવાની અને રાખેલો માલ પરત કરવાની ખાતરી પણ પારસી શાહૂકારોએ આપી હતી.

બીજી તરફ મુસ્લીમ સ્ત્રીઓ પણ પાછી ન પડી. બારડોલીમાં ઈબ્રાહીમભાઈના મેડા ઉપર મુસલમાન બહેનોની સભા મળી તેમણે લડતને ટેકો જાહેર કર્યો. લડતફાળો પણ ભેગો કર્યો. તેમાંની ઘણી બહેનોએ રહા છોડી. આ સભામાં ઈબ્રાહીમભાઈના વૃધ્ધ માતાને પૂછવામાં આવ્યું કે, તમારા દિકરાને જેલ થશે તો ? તેનો જવાબ હતો કે, મારા દિકરો કયાં ખોટું કામ કરીને જેલમાં જવાનો છે તે દુ:ખ થાય. આવી ખુમારી મુસ્લીમ બહેનોમાં પણ હતી. આ લડત વખતે મુસલમાન ભાઈઓ અને બહેનાએ પોતાની વાડીના ખજૂરાં પણ કાપી નંખાવ્યા, મલેકપોર, માણેકપોર જેવા ગામોની મુસલમાન બહેનોએ લડતફાળો ઉઘરાવી લડતને વેગ આપેલો. આવી બિનહિંદુ સ્ત્રીઓ હિંદુ સ્ત્રીઓ સાથે મળી લડતમાં જોડાઈ અને મહાન રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું યોગદાન આપ્યું.

સ્થાનિક પારસી અને મુસલમાનો સિવાય હમીદાબેન તૈયબજી, રેહના તૈયબજી, અમીનારસૂલ હુરેશી, મીઠુબેન પિટીટ અને ખુરશેદબહેન નવરોજીનું પ્રદાન પણ મહત્વનું રહયું હતું.

૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહ વખતે અનેક બહેનોએ નવાં વિલાયતી કપડાં હોળી માટે આપી દીધેલા. ૧૯૩૦માં વિદેશી કપડાની દુકાન આગળ પિકેટીંગ કરતી બહેનોને વેપારીઓ ગમે તેમ બોલતાં, અભદ્ર વ્યવહાર કરતાં છતાં બહેનો એ બધું સહન કરતી. નવસારીમાં ઈચ્છાબેનને એક દુકાનદારે હાથ પકડી ધક્કો મારી રસ્તા પર હડસેલી દીધાં તો કાપડીઆ મહાજનનાં સેક્રેટરીએ બહેનોનાં માથાં ફોડી નાંખવાની ધમકી આપી. છતાં બહેનો અડગ રહી અને પિકેટીંગનું કામ કર્યું.

ટૂંકમાં ઉપરોકત વિગતો જોતાં બારડોલી સત્યાગ્રહ દરમ્યાન લડતમાં આપેલ યોગદાન વિશે મહત્વની વિગતો જાણવા મળે છે. આ વિગતોને આધારે એટલું કહી શકાય કે, ભારતમાં આજે પણ ઘણી સ્ત્રીઓ દયનીય સ્થિતિમાં જીવે છે એ સાચું હોવા છતાં એ પણ સાચું છે કે આ દેશમાં દુનિયાના બહુમતી દેશો કરતાં વધ, સ્ત્રી-સ્વતંત્ર છે. દુનિયાના બહુમતી દેશો કરતાં વિશેષ સ્ત્રીઓ અહીં ભણે છે, નોકરી વ્યવસાય કરે છે. અધિકારી સ્થાનો પર સન્માન પામે છે અને વધારે મુકિતથી ઘર બહાર ફરી શકે છે.

ભારતમાં સ્ત્રીઓ આટલા મોટા પાયા પર ઘરની બહાર છૂટથી નીકળી શકે છે એ માટે દેશના આઝાદી આંદોલનને વધુમાં વધુ યશ ઘટે છે. આઝાદી આંદોલનમાં ગાંધીજીના આગમન સાથે ગાંધીજીએ અહિંસક જ નહીં, સવિનય કાનૂનભંગનો પ્રયોગ કર્યો, હેતુ તો રાજયક્રાંતિનો જ હતો. દુશ્મનએ હેતુ બરાબર સમજતો હતો. પરંતુ તદ્દ્ન શાંત, નિ:શસ્ત્ર અને દ્રેષરહિત પ્રજાના સમુહો સાથે કેમ કામ લેવું એ વિષે અંગ્રેજ શાસક ક્ષુબ્ધ હતા. ભગતસિંહ જેવા બોમ્બ ફંકનારને તો એ ફાંસીએ ચઢાવે, પરંતુ માત્ર ધૂન બોલતી કે ગીત ગાતી અને દારૂ કે પરદેશીમાલની દુકાનો આગળ મૂક દેખાવો કરતી સ્ત્રીઓને શું કરે ? આવાં કારણોસર હિંદમાં નારીઓને રાષ્ટ્રીય આઝાદી માટેના નાનામોટા કાર્યક્રમોમાં ભાગ લેવાની હિંમત આવી. વધુમાં વધુ અંગ્રજો તેમની ધરપકડ કરે, જેલની સજા કરે પરંતુ એ માટે તો આ સ્ત્રીઓની તૈયારી હતી જ. આ બધા પરિબળોને પરિણામે, અપૂર્વ એવા દ્રશ્યો ગાંધી-સમયના હિંદમાં જોવા મળ્યા. ગાંધીયુગ પર નજર કરવા જઈએ તો લાંબી ગાથા રચાય. આજે દેશમાં જે સ્ત્રીઓ માનભેર જીવી રહી છે તેના ભૂતકાળમાં નજર કરતાં ખ્યાલ આવશે કે તે સમયે નારીશકિતનો કેવો જુવાળ ઉછળ્યો હતો.

## સંદર્ભ ગ્રંથસૂચિ


૧. 'પ્રતાપ' વિજયાંક,

૨. બારડોલી સત્યાગ્રહ ખબરપત્રો ૧૧ થી ૪૯